જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૦૯/૨૦૨૬ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૩૫૬/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૭ કેસ કરી, ૨૪ વ્યક્તિઓને ઝડપી, ૨૫૫ લીટર દેશી દારૂ, ૦૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૪૧૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૦૨ મોટર સાયકલ કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૬ કેસ કરી, ૧૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૨,૯૮૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૩૫૭/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ **સમાચાર યાદી નં.૧૩૫૮/૨૦૨૬**

પાલડીઃ પાલડી વિસ્તારમાં રહેતી મહીલાએ તા.૨૬/૦૯/૨૦૨૬ ના રોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે મહીલા એ ક્રેડીટ કાર્ડ લઈ એક્ટીવેટ કરાવેલ ન હોય તા.૧૯/૦૯/૨૦૨૬ ના રોજ મોબાઈલ નંબર ૮૮૮૧૭૪૫૧૬૭ ના ધારકે મહીલાને ફોન કરી ક્રેડીટ કાર્ડ વિભાગમાંથી વાત કરતા હોવાની ઓળખ આપી “હજી કેમ ક્રેડીટકાર્ડ એક્ટીવેટ કરાવેલ નથી” તેમ જણાવી ક્રેડીટ કાર્ડ એક્ટીવેટ કરાવવા તેઓએ મહીલાને વોટસએપ નંબર +૯૧૮૮૮૧૪૯૨૦૩૪ ઉપરથી લીંક મોકલી પ્રોસેસ કરાવવાનું કહેતા મહીલાએ લીંક ખોલતા લીંકમાં મહીલાના નામનું વેરીફિકેશન કરાવી મહીલાના બેંક ખાતામાંથી રૂપિયા ૧,૮૧,૮૯૯/– ટ્રાન્સફર કરી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી.પી.ભેટારીયા ચલાવે છે.

ઘરફોડઃ **સમાચાર યાદી નં.૧૩૫૯/૨૦૨૬**

અમરાઈવાડીઃ બિપીનભાઇ ગોવિંદભાઇ મકવાણા (રહે. ઉદ્યપાર્ક વિભાગ–૦૧ નેશનલ હેન્ડલુમ પાછળ સ્વસ્તિક ચાર રસ્તા પાસે અમરાઈવાડી) એ તા.૨૬/૦૯/૨૦૨૬ ના રોજ અમરાઈવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૦૯/૨૦૨૬ બપોરના ૨/૦૦ થી તા.૨૪/૦૯/૨૦૨૬ બપોરના ૨/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, તીજોરીમાંથી સોનાનુ મંગળસુત્ર કિમત રૂપિયા ૭૦,૦૦૦/–, સોનાની બુટ્ટી કિમત રૂપિયા ૧૦,૦૦૦/–, સોનાની ચેઇન પેન્ડલ સાથે કિમત રૂપિયા ૪૦,૦૦૦/–, સોનાની વિંટી કિમત રૂપિયા ૧૦,૦૦૦/– અને રોકડ રૂપિયા ૬,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૩૬,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.આર.ભેટારીયા ચલાવે છે.

લુંટઃ **સમાચાર ચાદી નં.૧૩૬૦/૨૦૨૬**

વાડજઃ ગગનદિપ સ/ઓ નરેન્દ્રભાઈ મકક્ડ (ઉ.વ.૩૦)(રહે, વિવેક એપાર્ટમેંટ, વિજયનગર રોડ, ધરતી વિકાસ મંડળ પાસે, નારણપુરા) એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૦૯/૨૦૨૬ સવારના ૫/૨૦ થી ૫/૪૦ વાગ્યા દરમ્યાન જુના વાડજ અંબિકા પ્રોવીઝન સ્ટોર થી એચ.ડી.એફ.સી બેંક વચ્ચે નાબાર્ડ બેંક પાસે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ગગનદિપ પાસેથી આઈપેડ કિમત રૂપિયા ૪૦,૦૦૦/–, ઈલેક્ટ્રોનીક મેટા ગ્લાસ કેસ કિમત રૂપિયા ૧૫૦૦૦/–, ફિટનેસ રીંગ કિમત રૂપિયા ૧૨૦૦૦/–, સોનાની વિંટી કિમત રૂપિયા ૯૦,૦૦૦/–, રોકડ રૂપિયા ૧૮,૦૦૦/– અને અગત્યના દસ્તાવેજો મળી કુલ રૂપિયા ૧,૭૫,૦૦૦/– મતાની લુંટ કરી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.વી.ગોહીલ ચલાવે છે.

ચોરીઃ **સમાચાર ચાદી નં.૧૩૬૧/૨૦૨૬**

કાલુપુરઃ સંદિપ નિમાઈ ઘોષ (ઉ.વ.૪૮)(ધંધો.સોનાનુ લેબરકામ)(રહે, શિલ્પી એવેન્યુ, ગ્રીન ક્રોસ સોસાયટી સામે કબાડી માર્કેટ, બેહરામપુરા, દાણીલીમડા) એ તા.૨૬/૦૯/૨૦૨૬ ના રોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૦૮/૨૦૨૬ સવારના ૮/૧૫ વાગ્યાના સુમારે કાલુપુર, ગાંધીરોડ, લીંબુપોળ અંદર, શ્રીનાથજી કોંપ્લેક્ષમાં બીજા માળે આવેલ "સંદિપ જ્વેલર્સ" નામની દુકાનમાં નોકરી કરતા વિશ્વનાથ ઉર્ફે વિસુ સ/ઓ તારાપાદા સામંતા (ઉ.વ.૩૦)(મુળ વતન. ગામ–મોરોબેરીયા, પોસ્ટ–ગોપાલનગર, થાના–કોલાઘાટ, જી–પુરબામેદીનીપુર પશ્ચિમ બંગાળ) દુકાનમાંથી સોનાની એક બંગડી કિમત રૂપિયા ૫,૬૦,૨૭૨/– અને ૧૪ ગ્રામ સોનાનો ભુક્કો કિમત રૂપિયા ૧,૯૫,૭૭૬/– મળી કુલ રૂપિયા ૭,૫૬,૦૪૮/– મતાની ચોરી કરી લઈ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.જે.સિંધી ચલાવે છે.

વિજ કરંટ લાગતા મૃત્યુઃ **સમાચાર ચાદી નં.૧૩૬૨/૨૦૨૬**

નારોલઃ રાકેશભાઈ રાજુભાઈ ખેતરીયા (ઉ.વ.૩૦)(રહે.ઉમંગ ફ્લેટ રંગોલીનગર નારોલ) તા.૨૬/૦૯/૨૦૨૬ બપોરના ૦૪/૨૫ વાગ્યાના સુમારે કમોડ ગામ ભારત પેટ્રોલપંપની બાજુમાં આવેલ શીવગંગા રેસિડન્સીના શોપિંગ સેન્ટરમાં વેલ્ડીંગનું કામ કરતા હતા ત્યારે વિજ કરંટ લાગતા તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ઉપેન્દ્રસિંહ કલ્યાણસિંહ ચલાવે છે.

અંડર ગ્રાઉન્ડ પાણીની ટાંકીમાં પડી જતા મૃત્યુઃ **સમાચાર ચાદી નં.૧૩૬૩/૨૦૨૬**

મણીનગરઃ રામોલ વિસ્તારમાં રહેતા અને કડીયાનાકાથી મજુરી કામ કરતા પરેશભાઈ પાંડોર (મુળ વતન. પેથાપુર તા–ઝાલોદ દાહોદ) નાઓ તા.૨૬/૦૯/૨૦૨૬ ના રોજ ૦૯ માસની પુત્રી સાથે લઈ પત્ની સાથે રામબાગ મણિનગર વિસ્તારમાં મજુરી કામે ગયા હતા. જ્યાં બપોરના ૨/૧૫ વાગ્યાના સુમારે વિસામો કરતા હતા ત્યારે તેઓની પુત્રી ઘુંટણીએ રમતા–રમતા નજીકમાં અંડર ગ્રાઉન્ડ પાણીની ટાંકીનુ ઢાંકણ ખુલ્લુ હોવાથી પાણીની ટાંકીમાં પડી ગઈ હતી. સારવાર માટે તેને એલ.જી.હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેને મૃત જાહેર કરી હતી. આ અંગે મણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી વી.જે.ચાવડા ચલાવે છે.

સોલા હાઇકોર્ટઃ (૧) હર્શીલ ઉર્ફે રવી રમેશભાઈ વછેટા (ઉ.વ.૩૦)(રહે.ભગવતી એપાર્ટમેન્ટ, વસંતનગર ટાઉનશીપ, ગોતા) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૯/૨૦૨૬ રાતના ૧૦/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુક સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ઇન્દ્રવિજયસિંહ પ્રતાપસિંહ ચલાવે છે.

સોલા હાઇકોર્ટઃ (૨) જીતેન્દ્રભાઇ વિસાભાઇ દત્ત (ઉ.વ.૪૯)(રહે.શિવપાર્ક સોસાયટી, ગલી–૦૨ ગોતા) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૯/૨૦૨૬ બપોરના ૨/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયદીપસિંહ સુરાજી ચલાવે છે.

સેટેલાઇટઃ સેટેલાઇટ રાજીવનગર વિભાગ–૨ પહેલા માળે ભાડાના મકાનમાં મનાજી સતરાજી મારવાડી નાઓની ૧૫ વર્ષની પુત્રીએ અગમ્ય કારણસર તા.૨૬/૦૯/૨૦૨૬ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સેટેલાઇટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.જે.દેસાઈ ચલાવે છે.

શાહીબાગઃ સુમનબહેન ગૌરવભાઈ સાંકલેચા (ઉ.વ.૩૪)(રહે.અવતાર ફ્લેટ અંડરબ્રીજ પાસે શાહીબાગ) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૯/૨૦૨૬ બપોરના ૧/૦૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વાય.ડી.રહેવર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી